PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/ક્વા–૦૨/૧૮–૧૯/ 10549-5 તા. 4-12-18

રજી. એડી પત્ર

પ્રતિ,
કરમુર રાયદે ખીમા,
દેવળીયા
તા.કલ્યાણપુર, જી: દેવભુમી દ્વારકા
પીનકોડ –૩૬૧૩૨૦

**વિષય :–તત્કાલ યોજના હેઠળ નુ ભાવપત્રક મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૩/ક્વા–૦૨/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૩/ક્વા–૦૨/૧૮–૧૯

કમિટી મીટીંગ: તા.૨૦–૦૯–૧૮, તા.૨૩–૧૦–૧૮ , તા. ૨૭–૧૧–૧૮ સ્થળ : જામખંભાળીયા

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: કરમુર રાયદે ખીમા, ગામ: દેવળીયા

રજુઆત કરનાર: અરજદાર કરમુર રાયદે ખીમા હાજર રહેલ છે.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : તત્કાલ યોજના હેઠળ નુ ભાવપત્રક મેળવવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તત્કાલ યોજના હેઠળ ૦૩ માસ પહેલા નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની માંગણી કરેલ હોવા છતા – તેઓને ભાવપત્રક આજદિન સુધી મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી ની મીટીંગ: તા.૨૦–૦૯–૧૮, તા.૨૩–૧૦–૧૮ ના રોજ અરજદાર હાજર રહેલ ન હોય – તેઓની રજુઆત માટે વધુ એક તક તા. ૨૭–૧૧–૧૮ ના રોજ અપાયેલ, જેમા અરજદાર હાજર રહેલ અને તેઓની લેખીત રજુઆત અન્વયે તેઓના ગામ: દેવળીયામાં સર્વે નંબર: ૬૬૦ મા તત્કાલ યોજના હેઠળ નુ જોડાણ મેળવવા તા.૦૧–૦૫–૧૮ ના રોજ થી અરજી કરેલ હતી. પરંતુ, તેઓને સદર તત્કાલ જોડાણને બદલે મુળ અરજી મુજબ સામાન્ય યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ આપવા સબંધક પેટા વિભાગીય કચેરી કલ્યાણપુર ને વિનંતી કરેલ છે, જેથી તેઓ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા કરાયેલ સદર અરજી પરત ખેચેલ છે, અને સદર બાબતે કોઈ વિવાદ નથી. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી વિભાગીય કચેરી ના પત્ર તા.૧૯–૦૯–૧૮ મુજબ જણાવાયેલ કે, અરજદાર શ્રી કરમૂર રાયદે ખીમાં દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. દેવળીયા ખાતે તત્કાલ યોજના હેઠળ નું ભાવપત્રક મેળવવા માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને અરજદાર દ્વારા તા.૦૧.૦૫.૨૦૧૮ ના રોજ તત્કાલ યોજના હેઠળ અરજી કરેલી હતી. તત્કાલ યોજના અંતર્ગત ખેડૂત ખાતેદાર દ્વારા કંપનીના નિયમ અનુસાર અરજદારે સરકાર શ્રી દ્વારા નિયત કરેલા વિસ્તારમાં ટપક સિંચાઈ પધ્ધતિ વસાવવાની થાય છે. જે માટે અરજદારે જીજીઆરસી માં ઓન લાઇન રજીસ્ટ્રેશન કરવાનું હોય છે. જે અરજદાર દ્વારા થયા બાદ અરજદાર દ્વારા "ફોર પાર્ટી" એગ્રીમેન્ટ કર્યા પછી પીજીવીસીએલ દ્વારા અંદાજપત્રક આપવાનું થતું હોય છે. સદર કેશમાં અરજદાર નું જીજીઆરસી માં ઓન લાઇન રજીસ્ટ્રેશન નંબર તેમજ "ફોર પાર્ટી" એગ્રીમેન્ટ થયા બાદ અંદાજપત્રક આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સંદર્ભે અરજદારને કેએસડી/ટેક/૧૮/૬૯૯૮ તા.૧૮.૦૯.૨૦૧૮ થી પત્ર દ્વારા જાણ કરેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧, ૧.૨ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા તેઓની લેખીત રજુઆત મુજબ – સદર કેઈસ મા, કોઈ વિવાદ રહેતો ન હોય – તેઓ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા કરેલ અરજી પરત ખેચેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કંઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.